# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

**1)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કોલકાતામાં નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યો સાથે બેઠક યોજશે.

**2)** વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામે ભારપૂર્વક જણાવ્યું છે કે બદલાતી વૈશ્વિક વ્યવસ્થામાં ભારત અને વિયેતનામ પાસે વૈશ્વિક પુરવઠા શ્રૃંખલામાં મુખ્ય ભૂમિકા ભજવવાની તક છે.

**3)** કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય આજે કાનપુરમાં ઉદ્યોગ પરામર્શ બેઠકનું આયોજન કરશે.

**4)** કેરલમ, માહે, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિળનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આજથી 2 દિવસ ભારે વરસાદની આગાહી

**5)** IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 9 રનથી હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WB-AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કોલકાતા પહોંચશે. તેઓ નવા ચૂંટાયેલા ભાજપ ધારાસભ્યો સાથેની બેઠકમાં હાજરી આપશે. દરમિયાન પાર્ટીના ધારાસભ્ય નેતાની પસંદગી કરાશે. રાજ્યના નવા મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ આવતીકાલે શપથ લેશે.

દરમિયાન, કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે શપથગ્રહણ સમારોહની તૈયારીઓ ચાલી રહી છે. તે અંગે જરૂરી વહીવટી બેઠકો યોજાઈ રહી છે, અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના વરિષ્ઠ નેતાઓ અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

# INDIA-VIETNAM-BUSINESS FORUM

વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામે ભારપૂર્વક જણાવ્યું છે કે બદલાતી વૈશ્વિક વ્યવસ્થામાં ભારત અને વિયેતનામ પાસે વૈશ્વિક પુરવઠા શ્રૃંખલામાં મુખ્ય ભૂમિકા ભજવવાની તક છે. મુંબઈમાં ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમને સંબોધતા, શ્રી લામે ભાર મૂક્યો કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ ખરેખર એક પડકાર છે પણ ભારત અને વિયેતનામ વચ્ચેના સહયોગને નવા સ્તરે લઈ જવાની તક પણ છે.

આ પ્રસંગે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, ભારત અને વિયેતનામ જેવા દેશમાં ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને વ્યાવસાયિકો એશિયાના ભવિષ્યને આકાર આપશે.

# SKILL DEVELOPMENT-CONSULTATION

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના તાલીમ મહાનિદેશાલય દ્વારા આજે ઉત્તરપ્રદેશના કાનપુરમાં રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંસ્થા ખાતે ઉદ્યોગ પરામર્શ બેઠક યોજાશે.

મંત્રાલયે જણાવ્યું કે, આ બેઠક વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ભારતીય કૌશલ્ય પ્રણાલી માટે મહત્વની રહેશે. તેમાં 30થી વધુ ઉદ્યોગ નેતાઓ, મુખ્ય કાર્યકારી અધિકારી અને નીતિ નિષ્ણાતો રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રની સ્થાપના અંગે ચર્ચા કરશે. આ ચર્ચા પ્રસ્તાવિત ઉત્કૃષ્ટતા કેન્દ્રના માળખા, ભૂમિકાઓ અને જવાબદારીઓ અંગેના મુદ્દાઓ પર કેન્દ્રિત હશે.

# SITHARAMAN BOOK FAIR

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારના યોગ્ય આયોજન થકી દેશભરમાં LPG ગેસની કોઈ અછત નથી. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવમાં પુસ્તક મેળા અને ઔદ્યોગિક પ્રદર્શનનો પ્રારંભ કરાવતાં સુશ્રી સીતારમણે આ વાત કહી. તેમણે પ્રદેશમાં ગત એક વર્ષમાં થયેલી ઔદ્યોગિક પ્રગતિની પણ પ્રશંસા કરી.

BYTE: NIRMALA SITHARAMAN, FINANCE MINISTER

સુશ્રી સીતારમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્રને મજબૂત બનાવવા, ઔદ્યોગિક સુવિધા વધારવા અને વેપાર-ઉદ્યોગમાં સરળતાને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# SOMNATH AMRUT MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં “સોમનાથ અમૃત મહોત્સવ”માં સહભાગી થશે. ત્યારે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ ગઈકાલે આ પર્વની તૈયારીઓ અંગે વરિષ્ઠ અધિકારીઓ સાથે સાગર દર્શન ખાતે બેઠક યોજી. તેમણે કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા પણ કરી હતી.

શ્રી વાઘાણીએ પ્રધાનમંત્રીના રોડ શૉ દરમિયાનની તૈયારીઓ, બેરિકેટિંગ સહિતની વ્યવસ્થાઓ તેમજ સોમનાથ મંદિર પરિસરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, સૂર્યકિરણ એર શૉ સહિતની તમામ તૈયારીઓની સમીક્ષા કરી કાર્યક્રમના આયોજન અંગે ચર્ચા કરી હતી.

# REV MEA BRIEFING

ભારત દ્વારા ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, પાકિસ્તાન લાંબા સમયથી સરહદ પાર આતંકવાદનો ઉપયોગ એક યુક્તિ તરીકે કરે છે. તેમણે

**જણાવ્યું કે, ભારતને આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવા માટે કાર્યરત છે.**

**બાંગ્લાદેશી ઘુસણખોરો અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું કે, દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા કોઈપણ વિદેશી નાગરિકને દેશના કાયદા, પ્રક્રિયાઓ અને પ્રણાલીઓ અનુસાર દેશનિકાલ કરવો જોઈએ.**

**(બાઇટ - RANDHEER JAYSWAL)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TAMIL NADU POLITICAL SCENARIO

તમિલનાડુમાં નવી સરકારની રચનામાં વિલંબને કારણે રાજકીય પરિસ્થિતિ હાલ અનિશ્ચિત છે. સરકાર બનાવવા માટે જરૂરી 118 સભ્યોની બહુમતી સુધી પહોંચવા માટે વાટાઘાટો ચાલી રહી છે. ડીએમકે અને ઓલ ઈન્ડિયા અન્ના ડીએમકે પાર્ટીએ ગઈકાલે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી.

ઓલ અન્ના ડીએમકે પાર્ટીના મહાસચિવ ઇ. પલાનીસ્વામીને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. વિદુથલાઈ ચિરુથૈગલ કાચી, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આજે રાજ્યની સૌથી મોટી પાર્ટી તમિલનાડુ વેત્રી કઝગમ-TVK ને ટેકો આપવાના મુદ્દા પર ચર્ચા કરવા માટે મળશે.

# IMD - WEATHER

હવામાન વિભાગએ આજે અને આવતીકાલે કેરળ, માહે, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આજે ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, દરિયાકાંઠાના કર્ણાટક અને રાયલસીમામાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની સંભાવના છે. મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની અપેક્ષા છે.

# CRICKET – IPL

IPL ક્રિકેટમાં, લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે DLS પદ્ધતિનો ઉપયોગ કરીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 9 રનથી હરાવ્યું.

જીત માટે 213 રનના લક્ષ્યનો પીછો કરતા, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 19 ઓવરમાં 6 વિકેટે 203 રન કર્યા હતા. પ્રથમ બેટિંગ કરતાં લખનૌ સુપર જાયન્ટ્સે 19 ઓવરમાં 3 વિકેટે 209 રન બનાવ્યા. વરસાદના વિક્ષેપોને કારણે મેચ 19 ઓવર સુધી ઘટાડી દેવામાં આવી, જેના કારણે બેંગલુરુને DLSનો 213 રનનો લક્ષ્યાંક મળ્યો. લખનૌ માટે મિશેલ માર્શે 56 બોલમાં 111 રન બનાવ્યા જ્યારે બેંગલુરુ માટે રજત પાટીદારે 31 બોલમાં 61 રન કર્યા. મિશેલ માર્શને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે, દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે મેચ રમાશે.

# JOSHI-FOODGRAIN STOCK

ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, દેશમાં સરકારી અનાજનો જથ્થો 604 લાખ ટનથી વધુ થઈ ગયો છે, જે ફરજિયાત બફર જરૂરિયાત કરતા લગભગ ત્રણ ગણો વધુ છે. સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રીશ્રી એ કહ્યું, ઘઉં અને ચોખાના મજબૂત ભંડાર દેશભરમાં કલ્યાણકારી યોજનાઓ અને જાહેર વિતરણ વ્યવસ્થા માટે અવિરત પુરવઠો સુનિશ્ચિત કરી રહ્યા છે.

શ્રી જોષીએ કહ્યું કે, મજબૂત ખરીદી, સફળ લણણી અને ખેડૂતો માટે સતત સમર્થન ભારતની ખાદ્ય સુરક્ષા, ખેડૂત કલ્યાણ અને સ્થિતિસ્થાપક ભવિષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. તેમણે ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું ખાદ્ય સુરક્ષા માળખું વધુ મજબૂત બની રહ્યું છે.

## MOU-INDIA AI

ઈન્ડિયા AI અને ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR)એ આરોગ્ય સંભાળમાં કૃત્રિમ બુદ્ધિમત્તા અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા નવી દિલ્હીમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ સહયોગ હેઠળ, બંને સંસ્થાઓ કૃત્રિમ બુદ્ધિમત્તા અને પોતાની ક્ષમતાઓની સાથે સાથે કાઉન્સિલની તબીબી સંશોધન કુશળતાનો ઉપયોગ કરશે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું કે, આ ભાગીદારી કૃત્રિમ બુદ્ધિમત્તાના જવાબદાર અને વ્યાપક ઉપયોગ દ્વારા આરોગ્ય સંભાળ સુધારવા તરફ મહત્વનું પગલું છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- આજના મુખ્ય અખબારોએ હોર્મુઝ ફરી ખોલવા તમિળનાડુમાં સરકાર રચવા, તેમજ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી હિંસા અને અરાજકતા અંગેના સમાચારોને પહેલા પાને સ્થાન આપ્યું છે.

- નવગુજરાત લખે છે હોર્મુઝ ફરી ખુલશે વચગાળાના કરાર માટે અમેરિકા ઈરાન તૈયાર
- જ્યારે દિવ્ય ભાસ્કરે ટાંક્યું છે સાઉદી સહિત ખાડીના ચાર દેશે ટ્રમ્પને ના કહ્યું તેથી ઈરાન ઓપરેશન રોક્યું
- સંદેશ અને નવગુજરાત સમયે બંગાળમાં વિધાનસભા ભંગના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશે પોતાના પ્રથમ પાને ચીનના સમાચાર અંગે ટાંક્યું છે ચીનમાં ભ્રષ્ટાચાર કેસમાં બે પૂર્વ સંરક્ષણ પ્રધાનોને મોતની સજા
- સ્થાનિક સમાચારોમાં દિવ્ય ભાસ્કર ટાંકે છે શિક્ષણમાં સુધારા માટે રાજ્ય અને જિલ્લામાં ટાસ્ક ફોર્સન  ભલામણ, AI પર ભાર મૂકાશે.

---------------------------------------